પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૮૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૧-૦૩-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મહારાષ્ટ્રના સંભાજીનગર અને જલગાંવમાં બે જૂથ વચ્ચે અથડામણ, મસ્જિદની બહાર સંગીત વગાડવાને લઈ વિવાદ

મુંબઈ,

મહારાષ્ટ્રના સંભાજીનગર બાદ જલગાંવમાંથી પણ બે જૂથ વચ્ચે અથડામણના સમાચાર સામે આવ્યા છે. એક જ સમયે મસ્જિદમાં નમાઝ દરમિયાન બહાર મ્યુઝિક વગાડવાના કારણે થયેલી અથડામણમાં ૪ લોકો ઘાયલ પણ થયા હતા. સમગ્ર ઘટનાને લઈ પોલીસ વિભાગ ઘટના સ્થળ પર પહોંચી મામલો થાળે પાળ્યો હતો. પોલસ કાર્યવાહીના ભાગરૂપે આ ઘટનામાં ૪૫ જેટલા લોકોની ધરપકડ પણ કરી હતી.



મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરની સાથે જ જલગાંવ જિલ્લામાં પણ બે સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી. નમાઝ દરમિયાન મસ્જીદની બહાર સંગીત વગાડવાને કારણે મસ્જિદમાં આ સંગીતનો અવાજ વધી ગયો હતો. આ મામલામાં અત્યાર સુધીમાં ૪ લોકો ઘાયલ થયા છે. પોલીસે બે એફઆઈઆર નોંધી છે. મહત્વનું છે કે આ ઘટનામાં ૪૫ લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. પોલીસ આ બાબતને લઈ ઘટના સ્થળે પહોંચતા પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો.

આ ઘટના ૨૮ માર્ચે જલગાંવમાં બની હતી. જલગાંવ ઉપરાંત છત્રપતિ સંભાજીનગરમાં પણ રાત્રે બે વાગ્યાની આસપાસ બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. કિરાડપુરા વિસ્તારમાં બેકાબુ ટોળાએ પોલીસના વાહનો સહિત અનેક ખાનગી વાહનોને પણ સળગાવી દીધા હતા. કેટલાક વિસ્તારોમાં પથ્થરમારો થયો હતો. એકઠા થયેલા બેકાબુ ટોળાને કાબૂમાં લેવા માટે પોલીસે ગોળીબાર કરવો પડ્યો અને ટીયર ગેસનો ઉપયોગ પણ કરવો પડ્યો હતો.

રામનવમીના તહેવાર દરમિયાન કિરાડપુરામાં રામ મંદિર પાસે કેટલાક યુવકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ પછી પથ્થરમારો શરૂ થયો. વાત વધીને તોડફોડ અને આગચંપી સુધી પહોંચી અને પોલીસનું વાહન પણ સળગાવી દેવામાં આવ્યું. આ દરમિયાન પોલીસે મામલો શાંત પાડવા માટે ફાયરિંગ અને ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા.

લાંબી જહેમત બાદ પોલીસને પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. પોલીસ કમિશનર નિખિલ ગુપ્તાએ લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. સાથે જણાવ્યું હતું કે શહેરમાં હાલ શાંતિ છે. પોલીસે કિરાડપુરા વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત પણ વધારી દીધો છે. સાથે સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. જનતાને

### પોલીસના વાહનો સળગાવાયા, વડોદરામાં ફતેપુરા પાસે જૂથ અથડામણ

ધીરજ અને શાંતિ જાળવવા માટે આહવાન કરવામાં આવ્યું છે.આ ઘટના સ્થળના દરેક ખૂણે-ખૂણે પોલીસ દળ પણ તૈનાત કરી દેવમાં આવ્યું છે. પોલીસ કમિશનરે ખાતરી આપી છે કે ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં.

આ મામલે ગૃહમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, હાલમાં સ્થિતિ નિયંત્રણમાં છે. તેમણે કહ્યું, કોઈએ વિક્ષેપ ઉભો કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. પોલીસ પોતાનું કામ કરી રહી છે. આ દરમિયાન વિસ્તારના સાંસદ અને એમઆઇએમ નેતા ઈમ્તિયાઝ જલીલે પણ લોકોને શાંતિ જાળવવાની અપીલ કરી છે. તેણે એક વીડિયો જાહેર કરીને કહ્યું છે કે હું હાલમાં રામ મંદિરમાં ઉભો છું. અહીં કોઈ ભૂલ કરવામાં આવી નથી. મંદિરમાં થોડી હલચલ છે. જો કોઈ અફવા ફેલાવે છે, તો તેના પર ધ્યાન ન આપો. મંદિરની બહાર કેટલાક વાહનોને નુકસાન થયું છે પરંતુ મંદિરમાં કોઈ ગરબડ કરવામાં આવી નથી. હું દરેકને હાથ જોડીને વિનંતી કરું છું કે તેઓ કોઈપણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે.

ઠાકરે જૂથના નેતા અને વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ તણાવ માટે એમઆઈએમના સાંસદ ઈમ્તિયાઝ જલીલને જવાબદાર ઠેરવ્યા હતા. ઠાકરે જૂથના નેતા ચંદ્રકાંત ખૈરેએ કહ્યું કે આ ઈમ્તિયાઝ જલીલ અને ભાજપની મિલીભગતથી થયું છે. જ્યારથી ઈમ્તિયાઝ જલીલ સાંસદ બન્યા છે ત્યારથી અહીં અશાંતિ વધી છે. જ્યારે સંજય રાઉતે તેને શિંદે-ફડણવીસ સરકારની સંપૂર્ણ નિષ્ફળતા ગણાવી છે. તેમણે પૂછ્યું છે કે રાજ્યમાં ગૃહમંત્રી છે કે નહીં?

જ્યારે મહારાષ્ટ્રના સંભાજી નગરમાં બુધવારે મોડી રાત્રે એક મંદિરની બહાર બે જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. બાદમાં આ હંગામો એટલો વધી ગયો કે બંને તરફથી મારામારી અને પથ્થરમારો શરૂ થઈ ગયો. આ ઘટનામાં અડધા ડઝનથી વધુ લોકો ઘાયલ થયાના અહેવાલ છે.માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી હળવો બળપ્રયોગ કરીને બંને પક્ષના લોકોને વિખેરવા અને શાંતિ જાળવી રાખી હતી.

આ ઘટના મોડી રાત્રે ૧૨.૩૦ વાગ્યે સંભાજી નગરના કિરાડપુરા મંદિરની બહાર બની હતી.દરમિયાન ગુજરાતના વડોદરાના ફતેપુરા ગવડોદરાના ફતેપુરા ગરનાળા પોલીસ ચોકી પાસે થઈ જૂથ અથડામણ થવાની ઘટના સામે આવી છે. રામનવમી નિમિત્તે નીકળેલી શોભાયાત્રામાં પથ્થરમારો થયો હોવાનો આક્ષેપ થયો છે.જો કે એડિશનર પોલીસ કમિશનરે દ્વારા શોભાયાત્રા પર પથ્થરમારાની ઘટનાના આક્ષેપોને ફગાવી દેવામાં આવ્યા છે. સિનિયર પોલીસ અધિકારીઓનો કાફલો અહીં પહોંચી રહ્યો છે.

## દેશભરમાં રામનવમીની ભવ્ય ઉજવણી, રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને કેન્દ્રિય ગૃહમંત્રીએ આપી શુભેચ્છા

નવીદિલ્હી,

દેશના અનેક ભાગોમાં આજે રામ નવમીની ધાર્મિક ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. હિંદુ ધર્મમાં રામ નવમીના તહેવારના દિવસે ભગવાન વિષ્ણુના સાતમા અવતાર ભગવાન રામના જન્મની ઉજવણી કરવામાં આવે છે. આ ધાર્મિક દિવસે ભારત દેશના રાષ્ટ્રપતિ, [illegible]ર અને કેન્દ્રિય ગૃહમંત્રીએ દેશવાસીઓને શુભેચ્છા આપી હતી.

હિંદુ ધર્મમાં બે ગુપ્ત નવરાત્રી સિવાય ચૈત્ર અને શારદીય નવરાત્રી ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ બંને નવરાત્રિમાં મા દુર્ગાની પૂજા કરવાની વિધિ છે. પરંતુ ચૈત્ર અને શારદીય નવરાત્રીની નવમી અને દશમી બંને તિથિઓ ભગવાન રામ સાથે સંબંધિત છે. શારદીય નવરાત્રીના દસમા દિવસે ભગવાન રામે રાવણનો વધ કર્યો હતો. આ ઉપરાંત ભગવાન રામનો જન્મ ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમી તિથિએ થયો હતો. રામ નવમીના તહેવારનું હિન્દુ ધર્મમાં ખૂબ જ વિશેષ મહત્વ છે. આ દિવસે જે ભક્તો મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામની પૂર્ણ ભક્તિ અને નિયમથી પૂજા કરે છે તેમના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ આવે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રામ નવમીના અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે ભગવાન રામનું જીવન દરેક યુગમાં માનવતા માટે પ્રેરણા બની રહેશે. પીએમ મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, રામ નવમીના શુભ અવસર પર તમામ દેશવાસીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ રામ નવમીની શુભકામનાઓ પાઠવતા કહ્યું હતું કે રામ નવમીના ખાસ દિવસ પર દરેકને હાર્દિક શુભેચ્છાઓ. મર્યાદા પુરૂષોત્તમ પ્રભુ શ્રી રામે ધર્મ અને સત્યના માર્ગે ચાલવાની સાથે સમગ્ર માનવ જગતને વિકટ પરિસ્થિતિમાં પણ ધીરજ અને સૌ પ્રત્યે દયા રાખવાની શીખ આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રામ નવમીના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવતા એક સંદેશમાં કહ્યું કે ભગવાન રામની જન્મજયંતિ તરીકે ઉજવાતો આ તહેવાર નિ:સ્વાર્થ સેવાનો સંદેશ આપે છે. આ ઉપરાંત દેશના વિવિધ રાજયોમાં રામ નવમીની ઉજવણી કરવામાં આવી હતી.ઠેર ઠેર શોભાયાત્રા કાઢવામાં આવી હતી.આ ઉપરાંત રામ ચરિત્રનું પઠન કરવામાં આવ્યું હતું.અયોધ્યામાં રામ મંદિરમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતાં અને ભગવાન રામના દર્શન કર્યા હતાં.

## ઉત્તર કોરિયાએ પહેલીવાર પોતાના પરમાણુ શસ્ત્રો દુનિયાને બતાવ્યા : સરમુખત્યાર કિમ જોંગ ઉને નિરીક્ષણ કર્યું

બુસાન,

ઉત્તર કોરિયાએ મંગળવારે તેના પરમાણુ હથિયારોનો નવો સ્ટોક વિશ્વ સમક્ષ રજૂ કર્યો છે. ત્યાંની સરકારી મીડિયા એજન્સી દ્બઝદ્બછએ પરમાણુ હથિયારોની તસવીરો જાહેર કરી છે. સ્ટેટ મીડિયાએ જણાવ્યું છે કે ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉને ત્યાં ન્યુક્લિયર વેપન્સ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લીધી હતી અને નવા પરમાણુ હથિયારો અને દુશ્મન પર કાઉન્ટર એટેક ઓપરેશનનું નિરીક્ષણ કર્યું હતું.



ખરેખરમાં નોર્થ કોરિયાએ પહેલીવાર દુનિયાને પોતાના પરમાણુ હથિયાર બતાવ્યા છે. આ એવા સમયે થયું છે જ્યારે અમેરિકાનું યુદ્ધ જહાજ મિલિટરી ડ્રિલ્સ માટે દક્ષિણ કોરિયા આવ્યું છે. આ તરફ ઉત્તર કોરિયાએ તેનાથી પણ વધુ ખતરનાક પરમાણુ હથિયારો બનાવવાની વાત કરી છે.


ઉત્તર કોરિયાએ તેના પરમાણુ શસ્ત્રોનું નામ હવાસેન-૩૧ રાખ્યું છે. પરમાણુ નિષ્ણાતો માને છે કે ઉત્તર કોરિયાના શસ્ત્રો નાના હોવા છતાં તેને ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલોનો ઉપયોગ કરીને અમેરિકા અને દક્ષિણ કોરિયામાં તબાહી મચાવી શકે છે.

સિયોલ નેશનલ યુનિવર્સિટીના પ્રોફેસર ક્યુન સૂના જણાવ્યા અનુસાર, મંગળવારે પહેલીવાર સત્તાવાર રીતે ઉત્તર કોરિયાના પરમાણુ હથિયારો ૨૦૧૬ની સરખામણીએ મોટા છે. આ સ્પષ્ટપણે પરમાણુ હથિયાર બનાવવાની તેમની પ્રગતિ દર્શાવે છે. મંગળવારે ઉત્તર કોરિયાના પરમાણુ હથિયારોની તસવીર સામે આવ્યા બાદ અમેરિકા એક્ટિવ થઈ ગયું છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા જોન કિર્બીએ ઉત્તર કોરિયાને પરમાણુ મુક્ત બનાવવાના પ્રયાસો ચાલુ રાખવામાં આવશે તે વાત જણાવી છે.

જોન કિર્બીએ કહ્યું કે હવે ઉત્તર કોરિયા પાસે હથિયારો પણ તૈયાર છે અને તેને છોડવા માટે મિસાઈલ પણ છે. આ પછી, તેમનું ફોક્સ ઝડપથી વધુ મોટા હથિયારો બનાવવા પર રહેશે. સાથે જ કિમ જોંગ ઉને ન્યુક્લિયર ફેસિલિટીનું નિરીક્ષણ કરતા કહ્યું કે અમારો દુશ્મન કોઈ એક દેશ કે સમૂહ નથી. પરંતુ અમારે વિશ્વમાં થતા કોઈપણ યુદ્ધ સામે સતર્ક રહેવાનું છે. કિમ જોંગ ઉને એમ પણ કહ્યું કે પરમાણુ હથિયારોને વધારવા પાછળનો અમારો એકમાત્ર ઉદ્દેશ્ય પોતાને સુરક્ષિત રાખવાનો છે.

ઉત્તર કોરિયા અમેરિકા સામે ઝૂકવા તૈયાર નથી અમેરિકાએ ઉત્તર કોરિયાના પરમાણુ શસ્ત્રો મેળવવાના લક્ષ્યને પ્રતિબંધો સાથે કચડી નાખવાના અનેક પ્રયાસો કર્યા છે. સ્ટેટિસ્ટા રિસર્ચ ડિપાર્ટમેન્ટ મુજબ ઉત્તર કોરિયા સૌથી વધુ પ્રતિબંધો સાથે દેશમાં ચોથા નંબર પર આવે છે. તેના પર ૨ હજારથી વધુ પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે.

## અમદાવાદ-વડોદરા વચ્ચેની મુસાફરી થશે મોંઘી : એક્સપ્રેસ વેના ટોલટેક્સમાં વધારો



અમદાવાદ,

કમોસમી વરસાદને લીધે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ માટે ઝઝૂમતો મધ્યમવર્ગ એક પછી એક નવા ભાવવધારા સહન કરવા મજબૂર થઈ ગયો છે. કેન્દ્ર સરકારે એક્સપ્રેસ વેના ટોલટેક્સમાં કરેલા ભાવવધારાને લીધે અમદાવાદ-વડોદરા વચ્ચે લગભગ રોજ મુસાફરી કરતા હજારો વાહનચાલકોએ વધુ ખિસ્સા ખાલી કરવા પડશે. અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર વિવિધ પ્રકારના વાહનનો માટે ટોલ ટેક્સમાં ફીમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. આ વધારા અનુસાર

વડોદરાથી અમદાવાદના ટોલ ટેક્સમાં ૧૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ટોલના ભાવમાં વધારો થતા હવેથી કાર, જીપ, વાન અને ન્સ્ફ (લાઈટ મોટર વ્હિકલ) પ્રકારના વાહનોને અમદાવાદથી વડોદરાના સીંગલ ટોલટેક્સ માટે રૂ. ૧૩૫ અને રીટર્ન માટે રૂ. ૨૦૦ રૂપિયા ચૂકવવા પડશે. અમદાવાદથી નડિયાદની સીંગલ ટ્રીપ માટે રૂ. ૬૫ અને રીટર્ન ટ્રીપના રૂ. ૯૫ ચૂકવવાના રહશે. અમદાવાદથી આણંદના સીંગલ ટ્રીપના રૂ. ૮૫ અને રીટર્ન ટ્રીપ રૂ. ૧૨૫ ચૂકવવા પડશે. જ્યારે પણ ટ્રાન્પોર્ટેશનના ભાવમાં વધારો થાય છે ત્યારે વસ્તુઓ પર પણ ભાવવધારો ઝીંકાય છે અને મધ્યમવર્ગીયોની કમર પરનો બોજો વધે છે.

અમદાવાદ અને વડોદરા વચ્ચે અને આ માર્ગનો ઉપયોગ કરી અન્ય જનારા વાહનોની સખ્યા ખૂબ મોટી છે અને ટોલ ઉઘરાવતી કંપનીઓને આનો મોટો ફાયદો થશે, પરંતુ સામાન્ય જનતાએ મોંઘવારીનો એક વધુ ફટકો સહન કરવો પડશે.

## રાહુલ ગાંધીના મામલામાં ન્યાયિક સ્વતંત્રતા અને મૌલિક લોકતાંત્રીત સિદ્ધાતોના માનકો લાગુ થવા જોઈએ.: જર્મની

નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા સમાપ્ત થયા બાદ સમગ્ર દેશમાં હોબાળો મચી ગયો છે. તે જ સમયે, અન્ય દેશોમાંથી પણ પ્રતિક્રિયાઓ આવી રહી છે. યુએસ પછી, જર્મનીએ કહ્યું કે, માનહાનીના એક કેસમાં લોકસભામાં અયોગ્ય ઠેરવ્યા બાદ વિપક્ષી નેતા રાહુલ ગાંધીના મામલામાં ન્યાયિક સ્વતંત્રતા અને મૌલિક લોકતાંત્રીત સિદ્ધાતોના માનકો લાગુ થવા જોઈએ. જર્મન વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, અમારી માહિતી મુજબ રાહુલ ગાંધી આ નિર્ણય સામે અપીલ કરવાની સ્થિતિમાં છે. આ પછી તે સ્પષ્ટ થશે કે આ નિર્ણયને યથાવત રાખવામાં આવશે કે કેમ અને તેના આદેશને સસ્પેન્ડ કરવાનો કોઈ આધાર છે કે કેમ.

રિપોર્ટથી પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રવક્તાએ કહ્યું કે અમે અપેક્ષા રાખીએ છીએ કે ન્યાયિક સ્વતંત્રતાના ધોરણો અને મૂળભૂત લોકતાંત્રિક સિદ્ધાંતો રાહુલ ગાંધી સામેની કાર્યવાહીમાં સમાન રીતે લાગુ થશે. રાહુલ ગાંધીના મામલામાં જર્મની કે અન્ય કોઈ યુરોપિયન દેશની આ પહેલી પ્રતિક્રિયા હતી. ભારતીય અધીકારીઓ તરફથી હાલ કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. વાસ્તવમાં, કેરળના વાયનાડના સંસદસભ્ય ગાંધીને સુરતની અદાલતે મોદી અટક પર નિવેદન આપવા બદલ માનહાનિના કેસમાં દોષી ઠેરવ્યા હતા, જેમાં બે વર્ષની સજા બાદ તેમને લોકસભામાંથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. તેમણે આ નિવેદન ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન કર્ણાટકમાં એક જાહેર સભા દરમિયાન આપ્યું હતું. જણાવી દઈએ કે રાહુલ ગાંધી હાલ જામીન પર બહાર છે. જર્મની પહેલા યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી પ્રવક્તા વેદાંત પટેલે કહ્યું હતું કે, અમેરિકા ભારતીય કોર્ટમાં રાહુલ ગાંધીના કેસ પર નજર રાખી રહ્યું છે. જ્યારે પ્રેસ કોન્ફરન્સમાં પૂછવામાં આવ્યું કે શું રાહુલ ગાંધીની સંસદમાંથી હકાલપટ્ટી લોકશાહી મૂલ્યો સાથે સુસંગત છે, ત્યારે વેદાંત પટેલે જવાબ આપ્યો કે કાયદાના શાસન અને ન્યાયિક સ્વતંત્રતા પ્રત્યે આદર એ કોઈપણ લોકશાહીના પાયાના પથ્થરો છે.

## લોકપ્રતિનિધિત્વ કાયદાની આ જોગવાઈ અત્યંત આકરી હોવાથી ધ્યાન રાખવું જરૂરી : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

સાંસદ અને ધારાસભ્યને બે વર્ષ કે તેનાથી વધુ સજા થતા જ સભ્ય પદ ગુમાવવાની જોગવાઈ અત્યંત આકરી છે એટલા માટે કોર્ટ દ્વારા લોકપ્રતિનિધિઓને કોઈપણ મામલે સજા સંભળાવતી વખતે સાવચેતી રાખવામાં આવે. એક રિપોર્ટ અનુસાર સુપ્રીમકોર્ટે એક મામલે સુનાવણી હાથ ધરતાં આ ટિપ્પણી કરી હતી.



તાજેતરમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા થયા બાદ તેમનું સભ્યપદ છીનવી લેવાયું હતું. આ મામલાને જોતા કોર્ટની આ ટિપ્પણી મહત્ત્વપૂર્ણ મનાઈ રહી છે. જસ્ટિસ કે.એમ.જોસેફ અને જસ્ટિસ બી.વી.નાગરત્નાની કોર્ટે લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલ અને કેન્દ્રશાસિત પ્રદેશ તરફથી દાખલ અરજીઓ પર સુનાવણી કરતા આ ટિપ્પણી કરી હતી.

સુનાવણી દરમિયાન એડિશનલ સોલિસીટર જનરલ કે.એમ.નટરાજે કહ્યું કે લોકપ્રતિનિધિત્વ કાયદાની કલમ ૮(૩) અનુસાર કોઈ સાંસદ અથવા ધારાસભ્યને બે કે તેનાથી વધારે વર્ષની સજા થાય છે તો તેનું સભ્યપદ રદ થઈ જાય છે. તેના પર જસ્ટિસ જોસેફે કહ્યું કે પણ આ જોગવાઈ અત્યંત આકરી છે એટલા માટે કોર્ટ દ્વારા સજા સંભળાવતી વખતે અત્યંત સાવચેતી રાખવામાં આવે.

## ભારત અને શ્રીલંકા સૌર ઉર્જા પર સાથે મળીને કામ કરશે, ૧૩૫ મેગાવોટનો સોલર પ્લાન્ટ સ્થાપિત થશે

નવીદિલ્હી,

ભારત અને શ્રીલંકાએ દ્વિપક્ષીય આર્થિક ભાગીદારીને મજબૂત કરવાના પ્રયાસરૂપે શ્રીલંકાના દરિયાકાંઠે આવેલા પૂર્વી જિલ્લા ત્રિંકોમાલીમાં બે તબક્કામાં ૧૩૫ મેગાવોટનો સોલર પાવર પ્લાન્ટ બનાવવાનો નિર્ણય કર્યો છે. શ્રીલંકાની કેબિનેટે પણ આને મંજૂરી આપી દીધી છે. બંને દેશો રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં પણ સહયોગ કરશે. તાજેતરમાં જ બંને દેશો વચ્ચે આ અંગે સમજૂતી થઈ હતી. શ્રીલંકાએ ૨૦૩૦ સુધીમાં તેની ૭૦ ટકા વીજળીની જરૂરિયાત સૌર ઉર્જાથી ઉત્પન્ન કરવાનું લક્ષ?ય રાખ્યું છે. "ભારતીય નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન અને સિલોન ઈલેક્ટ્રિસિટી બોર્ડે બે તબક્કામાં સંયુક્ત રીતે સોલાર પાવર પ્રોજેક્ટ અમલમાં મૂકવા માટે કરાર કર્યો છે," આ અઠવાડિયે યોજાયેલી કેબિનેટ બેઠકની એક નોંધમાં જણાવાયું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા તરીકે યુએસડી ૪૨.૫ મિલિયનના કુલ અંદાજિત રોકાણ સાથે ૫૦ મેગાવોટનો સોલાર પાવર પ્રોજેક્ટ અને USD 23.6 મિલિયનના ખર્ચે સોમપુરથી કપલથુર સુધીના ૪૦ કિલોમીટરના પટ્ટાને અમલમાં મૂકવામાં આવશે." ૨૨૦ાઉ ટ્રાન્સમિશન લાઈન લંબાઈ સાથે બાંધવામાં આવે તેવી અપેક્ષા છે. ૨૦૨૪થી ૨૦૨૫ સુધીના બે વર્ષમાં આ તબક્કો પૂર્ણ થવાની અપેક્ષા છે. પ્રોજેક્ટના બીજા તબક્કામાં USD 72 મિલિયનના કુલ રોકાણ હેઠળ વધારાના ૮૫ મેગાવોટ સાથે સોલાર પાવર જનરેશન પ્લાન્ટનું નિર્માણ થવાની ધારણા છે, એમ નોટમાં જણાવાયું છે. ભારત સરકારે ઓનશોર વિન્ડ અને બાયોમાસ સહિત સૌર અને પવન ઉર્જાનો ઉપયોગ કરીને વીજ ઉત્પાદન પ્રોજેક્ટના સંચાલન અને સુવિધા દ્વારા પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રમાં સહકારને પ્રોત્સાહન આપવા અને તેને મજબૂત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

### રાહુલ ગાંધીની મુસીબતમાં વધારો થશે

## ઓછામાં ઓછું રાહુલ ગાંધી વિરુદ્ધ બ્રિટિશ કોર્ટમાં જવાનું નક્કી કર્યું છે : લલિત મોદી

નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ભાગેડુ લલિત મોદી પર સતત પ્રહારો કરી રહ્યા છે. તેમને ભાગેડુ ગણાવીને કેન્દ્ર સરકાર પર સવાલ ઉઠાવી રહ્યા છે. હવે લલિત મોદીએ રાહુલ ગાંધીના નિવેદન પર પલટવાર કર્યો છે. તેણે કહ્યું કે, તે રાહુલ વિરુદ્ધ બ્રિટિશ કોર્ટમાં જશે. તેને મની લોન્ડરિંગ કેસમાં ભાગેડુ જાહેર કરવામાં આવ્યો છે, પરંતુ તેણે પોતાના ટ્વિટમાં કહ્યું કે, તેને દોષિત ઠેરવવામાં આવ્યો નથી અને તે દેશનો સામાન્ય નાગરિક છે.



'મોદી સરનેમ'ના નિવેદન પર સુરતની કોર્ટે રાહુલ ગાંધીને દોષિત ઠેરવ્યા હતા અને તેથી તેમણે સંસદનું સભ્યપદ ગુમાવ્યું હતું. લલિત મોદીએ કોંગ્રેસના નેતાઓને ભાગેડુ ગણાવતા સવાલ ઉઠાવતા કહ્યું કે, તેઓ કેમ અને કેવી રીતે ભાગેડુ છે? તેણે રાહુલને 'પપ્પુ' કહ્યો અને પૂછ્યું કે આખરે તેને ક્યારે દોષિત ઠેરવવામાં આવ્યો? તેમણે કહ્યું કે, એક અને અન્ય વિપક્ષી નેતાઓને બીજું કંઈ કરવાનું નથી, કાં તો તેમની પાસે ખોટી માહિતી છે અથવા તેઓ બદલાની ભાવનાથી બોલે છે.


લલિત મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે તેમણે ઓછામાં ઓછું રાહુલ ગાંધી વિરુદ્ધ બ્રિટિશ કોર્ટમાં જવાનું નક્કી કર્યું છે. તેમણે રાહુલ ગાંધીને નક્કર પુરાવાઓ સાથે આવવા કહ્યું અને હું તેમને (રાહુલ ગાંધી) પોતાને મૂર્ખ બનાવતા જોવાની રાહ જોઈ રહ્યો છું. લલિત મોદીએ પોતાના ટ્વીટમાં હેશટેગ સાથે કોંગ્રેસના નેતાઓ આરકે ધવન, સીતારામ કેસરી, મોતીલાલ વોહરા, સતીશ ચરણનું નામ લીધું અને તેમની પર વિદેશમાં સંપત્તિ હોવાનો આરોપ લગાવ્યો હતો.

લલિત મોદીએ કહ્યું કે, તેઓ બધા ગાંધી પરિવારના છે. નારાયણ દત્ત તિવારીને પણ ભૂલવા ન જોઈએ. તેણે પૂછ્યું, 'તમારા બધા પાસે વિદેશી સંપત્તિ કેવી રીતે છે? કમલનાથને પૂછો હું સાબિતી પણ મોકલી શકું છું. લલિત મોદીએ કહ્યું કે તેઓ પુરાવા માટે સરનામું અને ફોટા પણ મોકલી શકે છે, અને વધુમાં કહ્યું કે ભારતની જનતાને મૂર્ખ બનાવશો નહીં કે જે અસલી ગુનેગાર છેપ ગાંધી પરિવાર માને છે કે તે જ હકદાર માલિક છે. દેશના જય હિન્દ બોલતા, ભાગેડુએ કહ્યું કે 'જ્યારે તમે કડક કાયદો બનાવશો, હું પાછો આવીશ'.

## પાકિસ્તાન સરકારના અધિકૃત ટ્વિટર એકાઉન્ટ પર ભારતે રોક લગાવી

નવીદિલ્હી,

પાકિસ્તાન સરકારના અધિકૃત ટ્વિટર એકાઉન્ટ પર ભારતે રોક લગાવી છે. જ્યારે કોઈ પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટને એક્સેસ કરવાનો પ્રયત્ન કરે છે તો લખીને આવે છે કે પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટ પર લીગલ ડીમાન્ડના રિસ્પોન્સ બાદ ભારતમાં રોક છે. અત્રે જણાવવાનું કે આવું ત્રીજીવાર થયું છે જ્યારે પાકિસ્તાનના ટ્વિટર એકાઉન્ટ પર ભારતમાં રોક લગાવવામાં આવી છે. આ અગાઉ વર્ષ ૨૦૨૨ના ઓક્ટોબર મહિનામાં પણ પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટ પર રોક



લગાવવામાં આવી હતી. તે પહેલા ગત વર્ષ જુલાઈમાં પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટ પર રોક લાગી હતી. જો કે ત્યારબાદ તેને રિએક્ટિવેટ પણ કરાયું હતું અને ટ્વિટર એકાઉન્ટ વિઝિબલ થવા લાગ્યું હતું.

જો કે ભારતીય અધિકારીઓએ પાકિસ્તાન સરકારના અધિકૃત ટ્વિટર હેન્ડલ વિરુદ્ધ આ પગલું કેમ ભર્યું તે વિશે જાણકારી મળી શકી નથી. પણ ટ્વિટર ગાઈડલાન્સ મુજબ માઈક્રોબ્લોગિંગ સાઈટ કોર્ટના આદેશ જેવી કાયદેસર લીગલ ડિમાન્ડના રિપ્લાયમાં આવી કાર્યવાહી કરે છે. હાલ પાકિસ્તાન સરકારનું ટ્વિટર ફીડને ભારતીય યૂઝર્સ જોઈ શકતા નથી.

ગત વર્ષ ઓગસ્ટમાં ભારતે ૮ યુટ્યૂબ બેસ્ડ ન્યૂઝ ચેનલ્સ, જેમાંથી એક પાકિસ્તાનથી સંચાલિત હતી અને ૧ ફેસબુક એકાઉન્ટને ફેક તથા ભારત વિરોધી કન્ટેન્ટ બદલ બ્લોક કર્યા હતા. આ ઉપરાંત ગત વર્ષ જૂનમાં ટ્વિટરે ભારતમાં સંયુક્ત રાષ્ટ્રના પાકિસ્તાની દૂતાવાસના અધિકૃત ખાતાઓ ઉપર પણ પ્રતિબંધ લગાવ્યા હતા.

સૂચના અને પ્રસારણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ઈન્ફોર્મેશન ટેકનોલોજી રૂલ્સ ૨૦૨૧ હેઠળ ઈમરજન્સી પાવર્સનો ઉપયોગ કરીને આ કાર્યવાહી કરાઈ છે. બ્લોક કરાયેલા ઈન્ડિયન યુટ્યૂબ ચેનલ્સ પર ફેક, સનસનીખેજ થંબનેલ, ન્યૂઝ ચેનલના એંકરોની તસવીરો અને કઈક ટીવી સમાચાર ચેનલોના લોકો વાપરવા બદલ કાર્યવાહી થઈ હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ શહેરમાં રામનવમી નિમિત્તે શ્રીરામની ભવ્ય શોભાયાત્રા નિકળી




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



દાહોદ,
દાહોદ શહેરમાં આજે ભગવાન શ્રી રામજીની રામ નવમી નિમિત્તે ભવ્ય શ્રી રામ યાત્રા નીકળી હતી. શ્રી રામ યાત્રા સેવા સમિતિ તથા વિવિધ ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક મંડળોના સહિયારા પ્રયાસથી શહેરના ઠક્કર ફળિયા સ્થિત રાજ રાજેશ્વર મહાદેવ મંદિરથી શ્રી રામ યાત્રા નીકળી હતી. આ શ્રી રામ યાત્રામાં મોડી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયાં હતાં. જય શ્રી રામ.. જય શ્રી રામ.. ના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ડી.જે., ઢોલ નગારાના તાલે શ્રધ્ધાળુઓ ઝુમી ઉઠ્યાં હતાં.

આજની રામ યાત્રા દાહોદ શહેર મા પાચમી યાત્રા હતી જેમાં ભકતો એ ભારે ઉમગ ઉત્સાહ થી જોડાયા હતાં અને અલગ અલગ જગ્યાએ થી આઠ થી દસ યાત્રા નીકળી હતી અને ઠક્કર ફળિયા સ્થિત મંદિરે ભેગા મળીને લાંબી યાત્રા નીકળી હતી.

આ યાત્રાની શહેરના યુવા વર્ગ દ્વારા છેલ્લા કેટલાંય દિવસોથી ભગવાન શ્રી રામ યાત્રાની તૈયારીઓ કરી રહ્યાં હતાં. આજે નીકળેલ ભગવાન શ્રી રામ યાત્રા દાહોદ શહેરમાં ભવ્ય શ્રી રામ યાત્રા નીકળી હતી. યાત્રાના રૂટને ભવ્ય ધજા પતાકાથી સણદારવામાં આવ્યો હતો. દાહોદમાં છેલ્લા ચાર વર્ષથી શ્રી રામ યાત્રા આયોજન સમિતિ દ્વારા રામ નવમીના દિવસે રામયત્રા કાઢવામાં આવે છે. આજરોજ આ શ્રી રામ યાત્રા દાહોદ શહેરમાં ભવ્ય નીકળી હતી. આ વર્ષે પાંચમી શ્રી રામ યાત્રા નીકળી હતી. શ્રી રામ યાત્રા ઠક્કર ફળિયાથી મંદિરેથી બપોરના ત્રણ વાગ્યાના આસપાસ નીકળી હતી. યાત્રા દરમ્યાન રથમાં બિરાજમાન ભગવાન શ્રી રામ મુર્તિ સાથે લક્ષ્મણજી, સીતાજી, હનુમાનજી ભવ્ય રામ દરબાર ગાળ બેન્ડ બાજા, ઢોલ નગારા સાથે શોભાયાત્રા દાહોદ શહેરમાં નીકળી હતી. આ શ્રી રામ યાત્રા ઠક્કર ફળિયા ચોક, બસ સ્ટેશન, સ્વામી વિવેકાનંદ ચોક, સરસ્વતી ચોક, રાત્રી બજાર, ભગીની સમાજ જ્યાંથી પરત ચાર થાંભલા થઈ રેલ્વે સ્ટેશન રોડ થઈ પુનઃ ઠક્કર ફળિયા મંદિરે પરત પહોંચી હતી. સાંજે આરતી બાદ શ્રી રામ યાત્રા પુર્ણ કરવામાં આવી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ હાજર રહ્યાં હતાં સાથે સાથે સંતો, મહંતો ઉપરાંત વિવિધ સમાજના લોકો મોટી સંખ્યામાં શ્રી રામ યાત્રામાં જોડાયા હતાં. આ યાત્રામાં વિવિધ ઝાંખીઓએ વિશેષ આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું. સુંદર કિર્તન, અલગ અલગ પાત્રોની ઝાંખીઓ, બહારથી આવેલ કલાકારો, ડી.જે., ઢોલ નગારા, વિવિધ અખાડા વિગેરેએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું.

## ફતેપુરા નગરમાં રામનવમીની રામયાત્રા પહેલા પોલીસ અને શ્રધ્ધાળુઓ વચ્ચે સમાધાન થતાં હાશકારો

દાહોદ
ફતેપુરા નગરમાં રામનવમી ઉત્સવ પ્રસંગે નીકળનારી રામયાત્રાની શ્રદ્ધાળુઓ દ્વારા ચાલી રહેલી તડામાર તૈયારીઓ વચ્ચે ફતેપુરા પોલીસ સ્ટેશનના જવાબદાર પી.એસ.આઈ દ્વારા કરવામાં આવેલા અસભ્ય અને અભદ્ર વર્તનથી રોષે ભરાયેલા શ્રદ્ધાળુઓનો રોષ પારખી સ્થિતિ વણસતી બચાવવા આખારે પોલીસ તંત્રએ નમતું આપી રામજી મંદીર ખાતે એકત્રીત થયેલા ભક્તોને સમજાવવા દોડી આવેલા પોલીસ અધિકારીઓએ સમાધાન કરી વલણ અપનાવી સમજાવટથી મામલો થાળે પડતાં પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

ફતેપુરા નગરમાં મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામના જન્મ મહોત્સની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ તૈયારીના ભાગરૂપે જયશ્રી રામના લખાણવાળા ધજા પતાકાથી નગરને શણગારવામાં આવી રહ્યું હતું. તે દરમ્યાન ફતેપુરા પી.એસ.આઈ જી.કે.ભરવાડે રામનવમીની તૈયારી કરતા લોકોને પોલીસ સ્ટેશનમાં બોલાવી અસભ્ય વર્તન કરી ગાળાગલોચ કરી ખોટા કેસમાં ફસાવી દેવાની ધાકધમકીઓ આપી નિર્દોષ લોકો પર ખાખીનો રોફ ઝાડતા એક સમયે નગરજનો ડઘાઈ ગયા હતા અને રોષે ભરાયા હતા. આ સંદર્ભે અસભ્ય વર્તન કરનારા ફતેપુરા પી.એસ.આઈ સામે કાર્યવાહી કરવામાં આવે તે હેતુથી મામલતદારથી લઈ ગૃહવિભાગ સુધી આવેદનપત્ર આવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. પી.એસ.આઈ સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં નહી આવે તો ફતેપુરા નગર જડબેસલાક બંધ રાખવાની ચિમકી ઉચ્ચારતા ઉચ્ચ અધિકારીઓ દોડતા થઈ ગયા હતા અને નગરમાં રામનવમીના ઉત્સવ ટાણે વિવિધ વધુ ન વકરે અને શાંતિમય વાતાવરણમાં ભગવાન શ્રીરામના જન્મોત્સવની ઉજવણી થાય તે હેતુથી ખાખીએ નમતુ જોખ્યુ હતું અને ઝાલોદ વિભાગના વિભાગીય પોલીસ અધિકારી પટેલ તેમજ સી.પી.આ રાઠવા તાત્કાલિક ફતેપુરા દોડી આવ્યા હતા અને રામ નવમીના ઉત્સવની જ્યાં તૈયારીઓ ચાલી રહી હતી. તેવા રામજી મંદીર ખાતે પહોંચી સમાધાનકારી વલણ અપનાવી સમજાવટથી મામલો થાળે પાડી નગરના લોકોને રામનવમીનો ઉત્સવ ધામધુમથી તેમજ ઉત્સાહભેર ઉજવવામાં આવશે. તેવી ખાતરી આપી નગરજનોનો સાથ અને સહકારની માંગણી કરી હતી.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા નગરમાં રામનવમી મહાપર્વની ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી સવારના રામજી મંદિરે ભજન બાદ ૧૨:૦૦ વાગે ભગવાન શ્રીરામ ની આરતી ઉતારવામાં આવી હતી જ્યારે સાંજના પાંચ કલાકે રામજી મંદિરેથી નગરમાં ભવ્ય શોભાયાત્રા નીકળવામાં આવી હતી.

## દે.બારીયાના ભુવાલ ગામે પોલીસે રેઈડ પાડી ૧.૬૭ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,
દેવગઢ બારીઆ પોલીસે દેવગઢ બારીઆ તાલુકાના ભુવાલ ગામે ટાડોળ ફળિયામાં ઓચિંતી રેડ પાડી રૂપિયા ૧.૬૭ લાખ ઉપરાંતની કિંમતના દારૂના જથ્થા સાથે બે ફોરવ્હીલ ગાડી, એક એનફીલ્ડ બુલેટ તથા એક મોટર સાયકલ મળી કુલ રૂા. ૭.૭૭ લાખ ઉપરાંતનો મુદ્દામાલ પકડી પાડી કબજે લીધાનું જાણવા મળ્યું છે.

દેવગઢ બારીઆના સીનીટર પી.એસ.આઈ બી.એમ.પટેલ ગતરોજ બપોરના સમયે પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે લઈ પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ભુવાલ ગામે ટાડોળ ફળીયામાં રહેતા કિરણભાઈ પર્વતભાઈ કોળી પટેલ, સંજયભાઈ ઉર્ફે પાંગો પર્વતભાઈ કોળી પટેલ, મેઘામુવાડી ગામના જસવંતભાઈ બલસીંગભાઈ કોળી પટેલ તથા ભુવાલ ગામના શૈલેષભાઈ બચુભાઈ કોળી પટેલ એમ ચારે જણા કીરણભાઈ પર્વતભાઈ કોળી પટેલના ઘર આગળ અગ્લીશ દારૂનો જથ્થો મંગાવી ઉતારી રાખી ફોરવ્હીલ તથા ટુવ્હીલ ાહનો મારફતે સગેવગે કરવાની તૈયારી કરતા હોવાની પી.એસ.આઈ બીએમ પટેલને બાતમી મળતાં પોલીસે બાતમીવાળી જગ્યાએ બપોરના પોણા બે વાગ્યાના સુમારે ઓચિંતો છાપોં મારતાં દારૂ સગેવગે કરવા માટે ઊભેગા થયેલા ઉપરોક્ત ઈસમો પોલીસની રેડ જોઈ નાસી ગયા હતા જયારે પોલીસે સ્થળ પરથી જીજે-૦૯ એચ-૩૧૮૭ નંબરની બોલેરો ગાડી તથા જીજે-૧૭ એ.એચ-૧૯૫૮ નંબરની સ્કોપીયો ગાડી એમ બે ગાડીઓમાંથી પોલીસે ૧,૬૭,૫૬૮ની કિંમતના વિદેશી દારૂની ૧૮૦ મીલીની કાચની પ્લાસ્ટીકની કુલ બોટલ નંગ-૧૪૮૮ ભરેલ પેટી નંગ-૩૧ પકડી પાડી રૂપિયા ૫ લાખની કિંમતની બે ફોરવ્હીલ ગાડીઓ, રૂપિયા ૧ લાખની કિંમતની જીજે-૧૭ બી.એલ-૨૭૦૦ નંબરની એનફીલ્ડ બુલેટ ગાડી તથા રૂપિયા ૧૦,૦૦૦ની કિંમતની જીજે-૧૭ એ.એલ-૭૨૬ નંબરની બજાજ ડીસ્કવર મોટર સાયકલ ઝડપી પાડી ચાર વાહનો તથા વિદેશી દારૂ મળી કુલ રૂપિયા ૭,૭૭,૫૬૮નો મુદ્દામાલ કબજે લઈ નાસી ગયેલા ઉપરોક્ત ચારે જણા વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં વાર્ષિક ઈનામોત્સવ યોજવામાં આવ્યો



દાહોદ,
દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ માં વાર્ષિક ઈનામોત્સવ યોજાયો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શેઠ ગિરધરલાલ વુમન્સ પી.ટી.સી. કોલેજ, દાહોદના આચાર્ય રાકેશભાઇ દોશી અને ઈન્દુભાઇ લો કોલેજ, દાહોદના આચાર્ય તન્વીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઈનામોત્સવ વર્ષ દરમિયાન યુનિવર્સિટી ગોલ્ડ મેડલ, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સ્પોર્ટ્સ અને એન.એસ.એસ. વિભાગમાં ઉત્તમ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં કોલેજના તમામ વિભાગના વડાઓ, સ્ટાફ સભ્યો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું સફળ અયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડો.જી.જે .ખરાદીના સહકારથી વિદ્યાર્થી સંઘના કો. ઓર્ડિનેટર ડો.રૂચિતા પટેલ, ડો.એચ.આર. ડાભી અને ડો.વી.જે. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## કબીર મુકતા આશ્રમ કેલીયા ખાતે આનંદ આરતી અને સત્સંગ ભજન ભંડારા નો ધાર્મિક કાર્યક્રમ યોજાયો




દાહોદ,
સદગુરૂ કબીર સાહેબની અસીમ કૃપાથી કબીર મુકતા આશ્રમ ખાતે પ.પૂ. મહંત સુમરનદાસજી સાહેબના કરકમળો દ્વારા પરમ પૂજ્ય મહંત પ્રિતમદાસજી સાહેબ, સમાધિ મંદિર માંજલપુર, વડોદરા અને પ.પૂ.મહંત પંકજદાસજી સાહેબ, સાધના મંદિર વડોદરા અને પ.પૂ. મહંત છગનદાસજી સાહેબ કબીર મંદિર, જેસાવાડા તથા પ.પૂસંત યોગેશ્વરબાપુ, શિવ શક્તિ રામદેવ અલખધામ ગંગાધરા સુરતની ખાસ ઉપસ્થિતિમાં ભજન સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો. પ.પૂ.મહંત સુમરનદાસ સાહેબના કર કમળો દ્વારા આનંદ આરતી, સાત્વિક યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં પધારેલ તમામ સંતો-મહંતો ભક્તોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

મહંત સાહેબો દ્વારા સદ્દગુરૂ કબીર સાહેબના આધ્યાત્મિક જીવન મૂલ્યોને જીવનમાં ચરિતાર્થ કરવા માટે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મૂલ્યનિષ્ઠ જીવન અપનાવી જીવન સફળ બનાવવા આશિર્વચન આપ્યા હતા. વ્યસનોથી દૂર રહી સાત્વિક જીવન જીવવા આહવાન કર્યુ હતું. આનંદ આરતીમાં ભક્તવચે ભક્તો દ્વારા સાધુ જીવન જીવવાનો સંકલ્પ લીધો હતો અને સદગુરૂ કબીર સાહેબના સૂચવેલા માર્ગે જીવન જીવવા પ્રયાણ પગલું ભરવા આહવાન કર્યુ હતું.

આ પ્રસંગે પી.એમ. પટેલ, ચીમનભાઈ તથા મંગાભાઈને પ.પૂ. મહંત સુમરનદાસજી સાહેબ દ્વારા સાધુ દીક્ષા આપીને નવા નામકરણ કરવામાં આવ્યું હતું. જેમાં પર્વતભાઈ પટેલને પ્રભુદાસજી સાહેબ તથા ચીમનભાઈ સાહેબને ચેતનદાસજી તેમજ મંગાભાઈને મનહરદાસજી સાહેબ નામ જાહેર કર્યા હતા. આ પ્રસંગે કિરણસિંહ ચાવડાને પ.પૂ.મહંત સુમરનદાસજી સાહેબ દ્વારા સાલ પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. સર્વે સંતો-મહંતો જતી સતી ભાવિક ભક્તોને આશિર્વચનની પુષ્પ પાંખડી સાથે ભોજન પ્રસાદ ગ્રહણ કરી છૂટા પડ્યા હતા.

## દાહોદ તાલુકાના ખરેડીમાં ખોરાકની શોધમાં શિયાળ પાણી ભરેલા કુવામાં ખાબક્યો



દાહોદ,
દાહોદ તાલુકાના ખરેડી ગામે શિકારની શોધમાં માનવ વસાહત તરફ ધસી આવેલો શિયાળ ખેતરમાં આવેલા પાણી ભરેલા કુવામાં ખાબક્યો હતો. જોકે, આસપાસના ભેગા થયેલા લોકોએ શિયાળ અંગેની જાણ દાહોદ વન વિભાગને કરતા વન વિભાગના એસીએફના માર્ગદર્શનમાં વન વિભાગની ટીમે રેસ્ક્યુ હાથ ધરી ભારે જહેમત બાદ આ શિયાળને પાણી ભરેલા કૂવામાંથી બહાર કાઢ્યો હતો.

આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લો અફાટ વનરાજીથી ઘેરાયેલો છે. આ વનરાજીમાં બંને પ્રાણી દીપડા, રીંછ, સાબર, નીલગાય સહિતના વન્ય પ્રાણીઓ તેમજ પક્ષીઓ મોટી સંખ્યામાં વસવાટ કરે છે. વનરાજી થી ઘેરાયેલા દાહોદ સહિત આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા વન્ય પ્રાણીઓ ઘણી વખત ખોરાક તેમજ પાણીની શોધમાં માનવ વસાહત માં આવી જવાનાં કિસ્સાઓ ભૂતકાળમાં ઘણી વખત બન્યા છે. એમાંય ખાસ કરીને વન્યપ્રાણી દીપડો અવારનવાર માનવ વસ્તીમાં આવી મારણ કરવાના બનાવો તો રાત્રે દિવસ બનતા હોય છે. ત્યારે આવો જ એક બનાવતા દાહોદ તાલુકાના ખરેડીમાં બનવા પામ્યો છે. જેમાં ખરેડી ગામના વડલી ફળિયામાં ગતરોજ રાત્રિ દરમિયાન ખોરાકની શોધમાં આવેલો શિયાળ રમેશભાઈ હીરાભાઈના ખેતરમાં આવેલા પાણી ભરેલા કુવામાં ખાબક્યો હતો. શિયાળ કુવામાં ખાબક્યો હોવાની જાણ ગ્રામજનોને થતા ગ્રામજનોએ તાબડતોડ વન વિભાગ ને જાણ કરતા વન વિભાગના એસીએફ પરમારના માર્ગદર્શનમાં દાહોદ આરએફઓની આગેવાનીમાં વન વિભાગની ટીમે આજરોજ કુવા ખાતે પહોંચી શિયાળનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં ભારે જહેમત બાદ પાણી ભરેલા કુવામાં દોરડા વડે ખાટલો ઉતારી શિયાળનો રેસ્ક્યું કરી તેને પાણીમાંથી બહાર કાઢતા શિયાળ જંગલ તરફ ભાગી ગયો હતો.

આમ દાહોદ તાલુકાના ખરેડીમાં આવેલા ખેતરમાં પાણી ભરેલા કૂવામાં ખાબકેલા શિયાળને વન વિભાગની ટીમે રેસ્ક્યુ હાથ ધરી બહાર કાઢ્યો હતો.

## દાહોદ જીલ્લામાં બે અકસ્માતના બનાવોમાં છ માસની બાળકી સહિત ત્રણ જાણતા સ્થળ ઉપર મોત

દાહોદ,
દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ચાલી રહેલો ગમખ્વાર અકસ્માતનો સિલસિલો રોકાવાનું નામ લેતો નથી તેવા સમયે જિલ્લામાં ગતરોજ જુદી જુદી જગ્યાએ બનેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવોમાં છ માસની બાળકી સહીત કુલ ત્રણ જણા સ્થળ પર જ કાળનો કોળીયો બન્યાનું તથા દંપત્તી સહીત ત્રણ જણાને ગંભીર ઈજાઓ થતાં તે તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લામાં ગતરોજ ગમખ્વાર અકસ્માતના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ બપોરના સમયે દે.બારીયાના ડાંગરીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ફતેપુરા તાલુકાના વડાસ ગામના ગવલાલપુરા ફળિયાના બાબુભાઈ પુનાભાઈ ચરપોટ પોતાની જીજે-૦૧ કેજે-૬૦૪૦નંબરની એસેન્ટ ફોરવ્હીલ ગાડીમાં છોટા ઉદેપુર જિલ્લાના મીઠીબોર માણ,ોને બેસાડી પોતાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી ડાંગરીયા ગામે ગાડીની વધુ પડતી ઝડપને કારણે ચાલક બાબુભાઈ ચરપોટ ગાડીના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં રોડની સાઈડમાં આવેલ ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગાડીમાં બેઠેલ વડવાસ ગામના ૪૫ વર્ષીય રમીલાબેન બાબુભાઈ પુનાભાઈ ચરપોટ તથા મીઠીબોર ગામની ૬ માસની ઉંમરની દીપીકાબેન ધર્ણેશભાઈ રાઠવાને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં તે બંનેને સારવાર માટે ખસેડવામાં આવે તે પહેલાં જ તે બંનેનું સ્થળ પર જ કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે ગાડીમાં બેઠેલ મીઠીબોર ગામના ધર્મેશભાઈ રાઠવા તથા તેમની પત્ની મિત્તલબેન ચરપોટને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ દેવગઢ બારીઆના સીનીટર પી.એસ.આઈ બી.એમ.પટેલ પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે લઈ ઘટના સ્થળે દોડી ગયા હતા અને બંને મૃત્તકોની લાશનો કબજો લઈ બંનેની લાશનું પંચો રૂબરૂ પંચનામુ કીર પોસ્ટમોર્ટમ માસે દેવગઢ બારીઆની સરકારી હોસ્પિટલમાં મોકલી આપી ગાડીના ચાલક વડવાસ ગામના બાબુભાઈ પુનાભાઈ ચરપોટ વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે જિલ્લામાં ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ ધુન હોસ્પિટલની સામે મહેશ ઓટો ગેરેજ નજીક બાંસવાડા રોડ પર સાંજના છ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક ફોરવ્હીલ ગાડીનોવ ચાલક તેના કબજાની જીજે-૨૦ એન-૮૯૭૫ નંબરની બ્રેઝા ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી રોડ પર પગપાળા જઈ રહેલા ઝાલોદ તાલુકાના રાજપુર ગામના મસુલભાઈને અડફેટમાં લઈ રોડ પર પાડી દઈ નાસી જતાં મસુલભાઈને છાતીના ભાગે, ગળાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું.

આ સંબંધે રાજપુર ગામના ધાંધવા ફળીયાના નિલેશભાઈ પ્રવીણભાઈ ચરપોટે નોંધાવેલ ફરિયાદને આધારે પોલીસે બ્રેઝા ગાડીના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆના ડાંગરીયા ગામે કાર ઝાડ સાથે અથડાતા મહિલા અને બાળકીનું મોત

દે.બારીઆ,
દે.બારીઆ તાલુકાના ડાંગરીયા ગામે કાર ચાલકની ગફલતના કારણે કાર ઝાડ સાથે ભટકાઈ જતા દોઢ વર્ષની બાળકી સહિત મહિલાનુ મોત નીપજ્યું હતુ. અકસ્માતમાં મરણ જનાર મહિલા મીઠીબોર ખાતે પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. અને તેઓ પોતાની એસેન્ટ ગાડી લઈને પોતાના પરિવાર સાથે પોતાના વતન ફતેપુરા જતા ડાંગરીયા ગામે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રમીલાબાબુ ચરપોટ તથા દોઢ વર્ષિય નાની બાળકી દિપીકા ધર્મેશ રાઠવાને દવાખાને સારવાર મળે તે પહેલા મોત નીપજ્યું હતુ. જયારે રાહદારીઓએ અકસ્માતમાં ઘવાયેલા દર્દીઓને ગાડીમાંથી બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક દે.બારીઆની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં બાળકી પિતા ચાલક ડ્રાઈવર સહિત બાળકીની માતાનો સમાવેશ થાય છે. બાળકીની માતાની હાલત વધારે ગંભીર હોય વધુ સારવાર માટે વડોદરા એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જયદિપ બચરપોટે અકસ્માત અંગે કાયદેસરની ફરિયાદ દાખલ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.186

**પંચમહાલ આવૃત્તિ**

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# ગોધરા નગરમાં રામનવમીએ રામજી મંદિર ખાતેથી ભવ્ય શોભાયાત્રા નગરના રાજમાર્ગો ઉપર કાઢવામાં આવી









## જય શ્રીરામના જયઘોષ સાથે ભાવિ ભકતો મોટી સંખ્યામાં શોભાયાત્રામાં જોડાયા

ગોધરા,

ગોધરા નગરમાં રામનવમીના પાવન દિવસે શ્રીરામની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. ડી.જે.ના તાલે શોભાયાત્રા નગરના રાજમાર્ગો ઉપરથી ફરીને રામજી મંદિર ખાતે પહોંચી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

ગોધરા શહેર રામસાગર તળાવ પાસે આવેલ રામજી મંદિર ખાતે રામનવમીએ બપોરના ૧૨ વાગ્યે ભવ્ય મહાઆરતી કરાઈ હતી. ભગવાન શ્રીરામના જન્મ મહોત્સવ ઉજવવા ભાવિ ભકતો વિભોર બન્યા હતા. રામજી મંદિર ખાતે જય શ્રીરામના જયઘોષથી વાતાવરણ ભકિતમય બન્યું હતું. મોડી સાંજે રામજી મંદિર ખાતેથી ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા ડી.જે.ના તાલે ભકિતમય માહોલમાં નગરના રાજમાર્ગો ઉપર કાઢવામાં આવી હતી. શોભાયાત્રા રામજી મંદિરથી નગર પાલિકા રોડ થી ચાંચર ચોક ત્યાંથી બગીચા રોડ, કાછીઆવાડ થઈ નિજ રામજી મંદિર ખાતે પહોંચી હતી. ભગવાન શ્રીરામના જન્મ મહોત્સવે યોજાયેલ શોભાયાત્રા મોટી સંખ્યામાં ભાવિ ભકતો જોડાયા હતા. શોભાયાત્રા રૂટ ઉપર પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ભગવાન શ્રીરામના જન્મ મહોત્સવની ઉજવણી માટે શોભાયાત્રા ભવ્ય મનમોહક પ્રતિમાના સાથે યોજવામાં આવી હતી.

# ઘોઘંબામાં ભગવાન શ્રી રામના જન્મદિવસે ઉત્સાહભેર રામનવમીની ઉજવણી

ઘોઘંબા,

ઘોઘંબા ગામમાં ચૈત્ર મહિનાના પવિત્ર દિવસોમાં આજરોજ ભગવાન શ્રીરામના જન્મદિવસ નિમિત્તે રામનવમીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. માનવ જીવનના સંસારમાં સામાજિક રીતે તમામ પ્રકારની મુશ્કેલીઓ અને અવરોધો આવતા હોય છે. મનુષ્ય વારંવાર નિરાશ થઈ જતો હોય છે અને કોઈપણ જાતના પ્રયત્નો કર્યા વગર પોતે નાશીપાસ થઈ જાય છે. સાથે સાથે વેર-વિખવાદ અને સંબંધોનો વિનાશ જાય છે. અસત્ય અહંકાર, અપ્રામાણિકતા, દુરાચાર અને કુસંસ્કૃતિ જન્મ લે છે. કળિયુગ નો સમય ચાલી રહ્યો છે. ત્યારે કલ્પના બહારના બનાવો પ્રત્યક્ષ સામે આવી રહ્યા છે. આપણે વિચારતા રહી ગયા કે શા માટે આવું થતું હશે ? ભારતીય ઉપખંડના મહત્વના એવા હિન્દુ ધર્મના શાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર જ્યારે સમાજમાં સત્ય ઉપર અસત્ય, પ્રમાણિકતા ઉપર અપ્રામાણિકતા, સદાચાર ઉપર દુરાચાર અને ઋષિ સંસ્કૃતિ ઉપર દૈત્ય શકિતઓ હાવી થવા લાગી છે. ત્યારે ભગવાન શ્રીરામે અસૂરી શકિતઓનો નાશ કરવા માટે અયોધ્યાની પવિત્ર ભૂમિ પર માતા કૌશલ્યા અને પિતા દશરથના કુળમાં જન્મ લીધો હતો. આજનો માનવી પણ આ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામની જીવન ચરિત્રનો મહદઅંશે અમલ કરે તો પણ તેને કોઈ જ દુઃખો ભોગવવાનો કે હેરાન થવાનો વખત આવતો નથી. આવા સુંદર વિચારો સાથે નવ દિવસની પૂજા, વ્રત, ઉપવાસ, હવન અને દાન સાથે વિશ્વ હિન્દુ પરિષદ સમિતિ, બજરંગ દળ સમિતિ તથા ઘોઘંબાના સર્વે ભક્તો, યુવાનો-મિત્રો-વડીલો-માતાઓ તથા બહેનો દ્વારા એક સાથે મળી ભગવાન શ્રીરામ, જાનકી અને લક્ષ્મણનો વરઘોડો ડીજેના તાલે અને સંગીતના સુરોમા જય શ્રી રામના નારાઓ સાથે સાથે કાઢવામાં આવ્યો હતો. નાલંદા વિદ્યાલય ઘોઘંબાના વિદ્યાર્થીઓ દ્વારા "આઝાદીકા અમૃત મહોત્સ" નિમિત્તે ભારત દેશને આઝાદ કરવા માટે જે સ્વાતંત્ર સેનાનીઓએ પોતાનું બલિદાન આપ્યું છે. એવા મહાત્મા ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ, બિરસા મુંડા જેવા ક્રાંતિકારીઓની વેશભૂષા પહેરી અને આકર્ષણ જમાવ્યું હતું. આવરઘોડામાં ઘોઘંબા તાલુકા વહીવટી કચેરીઓમાંથી મામલતદાર તથા સુરક્ષા વ્યવસ્થા પોલીસ તંત્ર ખડે પગે હાજર રહી સહકાર આપ્યો હતો.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

# વેજલપુર ગામે આવેલ રામજી મંદિર ખાતે શ્રીરામ જન્મની રામ નવમીની શોભાયાત્રા નીકળી હતી



તસ્વીર : જયદીપ ઠાકર, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ખાતે આવેલ રામજી મંદિરમાં વર્ષોની પરંપરા મુજબ શ્રીરામ જન્મની રામનવમીની શોભાયાત્રા નીકળી હતી અને યાત્રા કાછીયાવાડ થઈ ગ્રામ પંચાયત થઈ મેન બજાર માંથી પસાર થઈને રામજી મંદિરે પહોંચી હતી. આ રામનવમીની શોભાયાત્રામાં કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને વેજલપુર ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ ભરતભાઈ પટેલ તેમજ હાલ ડેપ્યુટી સરપંચ મોનાલીબેન તેમજ જયપ્રકાશભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ તેમજ બજરંગદળના પ્રમુખ અંકિતભાઈ શાહ, પીનાકિનભાઈ પટેલ અને બજરંગદળના કાર્યકરો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

# શહેરામાં રામનવમી પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પંચમહાલના શહેરા સહિત જીલ્લાભરમાં રામનવમીના પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નગરના રામજી મંદિર ખાતેથી ભગવાન શ્રીરામની શોભાયાત્રા વાજતે ગાજતે નીકળી હતી. શોભાયાત્રા દરમિયાન જય જય શ્રી રામના નાંદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ શોભાયાત્રા નગરના પરવડી વિસ્તાર, હોળી ચકલા, સિંધી ચોકડી, બસ સ્ટેશન તેમજ અન્ય વિસ્તારમાં ફરી હતી. ભગવાન શ્રીરામની શોભાયાત્રા દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપૂત સહિત પોલીસનો મોટો બંદોબસ્ત જોવા મળી રહ્યો હતો અને શાંતિપૂર્ણ માહોલમાં શોભાયાત્રા પૂર્ણ થઈ હતી.

# શહેરાના બામરોલી ગામ પાસે પંચરાઉ લાકડાં ભરેલ ટ્રકને વન વિભાગે ઝડપી પાડવામાં આવી

શહેરા,

શહેરા વનવિભાગ એ બામરોલી ગામ પાસેથી લીલા પંચરાઉ લાકડા ભરેલી ટ્રક પકડી પાડી હતી. વન વિભાગે લાકડા અને ટ્રક મળીને ત્રણ લાખનો મુદ્દામાલ કબજે લઈને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

શહેરા વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલને બાતમી મળેલ હતી કે, બામરોલી થી નરસાણા તરફના જતા રસ્તા પરથી પંચરાઉ લાકડા ભરેલી ગાડી નીકળવાની છે. બાતમીના આધારે આર.એફ.ઓ રોહિત પટેલ એ ગુણેલી રાઉન્ડ ફોરેસ્ટર એન.જી.સોલંકી તેમજ બીટગાર્ડ એ.એસ.પરમાર તથા એમ.જી. ડામોર સહિતના સ્ટાફને જરૂરી સૂચનો આપવા સાથે આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવા માટે જણાવવામાં આવ્યું હતુ. વન વિભાગનો સ્ટાફ બામરોલી ગામના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે પંચરાઉ લાકડા ભરેલી ટ્રક નંબર GJ-02-Y-6237ને આવી રહી હતી. તેને ઉભી રખાવીને તેના ચાલક પાસે પાસ પરમિટ માંગતા મળી ન આવી હતી. જેથી પાસ પરમીટ નહિ હોવા છતાં લાકડા ભરેલ હોવાનુ વન વિભાગનાં ગુણેલી રાઉન્ડ ફોરેસ્ટર એન.જી.સોલંકીને માલુમ થયું હતું. પંચરાઉ લાકડા ભરેલ ટ્રકને તાલુકા મથક ખાતે આવેલી વન વિભાગની કચેરી ખાતે લાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવવા સાથે લાકડા અને ટ્રક મળીને રૂપિયા ત્રણ લાખનો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા હતા. વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ દ્વારા બે નંબરી લાકડા ભરેલ વાહનો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા લાકડા ચોરોમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

# ઘોઘંબામાં કપિરાજનું મોત થતાં ધાર્મિક રીતિ રીવાજ મુજબ અંતિમ સંસ્કાર



ઘોઘંબા,

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા ખાતે ઈજાગ્રસ્ત કપિરાજ ઉપર કુતરાઓએ હુમલો કરતા મોત ઘોઘંબાના સરપંચ દ્વારા હિન્દુ ધાર્મિક રીતિ રીવાજ મુજબ અંતિમ સંસ્કાર કર્યા. આજરોજ રામનવમીના દિવસે ઘોઘંબા પ્રાથમિક શાળા પાસે કપિરાજ ઝાડ ઉપરથી પડતા ઈજા પામી હતી. જેનો લાભ લઈ કૂતરાઓએ કપિરાજ ઉપર હુમલો કરતા કપિરાજનું મૃત્યુ નીપજયું હતું. જેની જાણ ઘોઘંબાના સરપંચ નિલેશભાઈ વરિયાને થતા સરપંચ દ્વારા બજરંગ દળ તેમજ અન્ય યુવા સંગઠનોની મદદ લઈ કપીરાજની અંતિમયાત્રા કાઢી ગામના સ્મશાનમાં લઈ જવામાં આવ્યા હતા. જયાં કપિરાજની હિન્દુ સંસ્કૃતિ મુજબ કપિરાજના શબને ચીતા ઉપર સુવડાવી ધાર્મિક મંત્રો ચાર સાથે અગ્નિદાહ આપી અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

# મોરવા(હ) ખાતે ભગવાન શ્રીરામ શોભાયાત્રા યોજાવામાં આવી



શહેર,

મોરવા હડફ ખાતે રામનવમી ની ઉજવણી ધારાસભ્ય નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. રામનવમીને લઈને ભગવાન શ્રીરામની શોભાયાત્રા બસ સ્ટેન્ડ વિસ્તાર માંથી નીકળી હતી. આ શોભાયાત્રાનું પ્રસ્થાન મનહર સુથાર, ભાજપ અગ્રણી વિજય પટેલ સહિત અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં ધારાસભ્ય નિમિષાબેન સુથાર દ્વારા કરાયું હતું. ભકિતમય ગીતો વચ્ચે ભગવાન શ્રીરામની શોભાયાત્રા વિવિધ વિસ્તારોમાં ફરી હતી.

# ઝકરીયા ઉર્દૂ પ્રા.શાળા ગોધરામાં ધો.પના કુમાર અને ધો.૮ની કન્યાઓનો વિદાય પ્રોગ્રામ યોજાયો

ગોધરા,

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ પ્રખ્યાત "ઝકરીયા ઉર્દૂપ્રા.શાળા" માં ધો.પ ના કુમાર અને ધો.૮ની કન્યાઓનો વિદાય પ્રોગ્રામની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રોગ્રામમાં મુખ્ય મહેમાન તરીકે ગોધરાના સામાજી કાર્યકર એવા હાજી ઈસ્હાક પટેલ તેમજ હાજી મહેબુબ શહેરીયા, રીલીફ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના ઓપરેટર હાજી ઈકબાલ અસલા, પોલન બજાર કલ્સ્ટરના સી.આર.સી. હાજી યુનુસ પોસ્તી, પોલન બજાર પગાર કેન્દ્રના આચાર્ય હાજી મેહબુબ વાઢેલ, એસ.એમ.સી.ના અધ્યક્ષ મૌલાના મોહસીન દુરવેશ, સમાજના આગેવાનો, વાલીઓ, માતાઓ અને એસ.એમ.સી.ના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પ્રોગ્રામમાં ધો.૧ થી ૮ના બાળકોએ ભાગ લઈ જુદા-જુદા પ્રકારના સાંસ્કૃતિ કૃતિઓ અને ગીતો રજૂ કરેલ હતા. વર્ષ દરમિયાનની તમામ પ્રવૃતિઓની ઝાંખી શાળાના આચાર્ય હાજી મોહમંદ બંગલીએ કરાવી હતી. એક ખાનગી શાળાને પણ શરમાવે એ પ્રકારની શાળાની ઉત્કૃષ્ટ કામગીરીને લઈને મુસ્લીમ સમાજના આગેવાનો દ્વારા તમામ સ્ટાફનો હદયથી આભાર વ્યકત કરી અભિનંદન પાઠવ્યા હતા.



# ઘોઘંબાના રવેરી ગામ પાસે અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટમાં લઈ બાઈક ચાલકનું મોત નિપજાવ્યું

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રવેરી જતા રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને ટકકર મારી બાઈક ચાલકને ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યું. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોધંરા તાલુકાના રવેરી જતા સ્મશાન પાસે રોડ ઉપર થી પસાર થતાં અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક નં.જીજે.૧૭.વીપી.૮૦૨પને અડફેટમાં લઈ ચાલક મહેન્દ્રસિંહ તખતસિંહ પરમાર ઉ.વ.૨૨ને ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવ્યું હતું અને અજાણ્યા વાહન ચાલક નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ રાજગઢ પોલીસ મથકે નોંધાવા પામી છે.



પંચમહાલના શહેરામાં શહેરાવાલા સાંઈનો ૨૯ માં જન્મદિવસને લઈને ઝુલેલાલ ટ્રસ્ટ દ્વારા એક સપ્તાહ થી તૈયારીઓ કરવામાં આવી રહી હતી. ઝુલેલાલ મંદિર ખાતે ભકતોની ઉપસ્થિતિમાં સાંઈના જન્મોત્સવની ગુરૂવારના રોજ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સાંઈના ૨૯માં જન્મોત્સવને લઈને રાજય સહિત પાકિસ્તાન, દુબઈ, આફ્રિકા તેમજ અન્ય દેશોમાંથી મોટી સંખ્યામાં ભકતો આવ્યા હતા. અહી દેશ વિદેશમાંથી આવેલા ભકતોએ સાંઈના આશીર્વાદ લઈને તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે શહેરાવાલા સાંઈ એ અહી આવેલા ભકતોને ભગવાન ઝૂલેલાલનો ફોટો આપવામાં આવ્યો હતો. ભગવાન ઝુલેલાલના ભકિતમય ગીતો વચ્ચે ભકતો ખુશીથી ઝુમી ઉઠ્યા હતા.